# “માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ”

*માર્ગદર્શક*
*ડૉ. ભાવેશ કે.શાહ*
*પ્રિન્સિપાલ,*
*આકાર બી.એડ્.એમ.એડ્.કોલેજ*
અમદાવાદ-09

**શીતલ એન.પટેલ**
**પીએચ.ડી. સ્કોલર**
ગુજરાત યુનિવર્સિટી,
ઓગણજ, અમદાવાદ-09

## 1. પ્રસ્તાવના

*સમગ્ર પૃથ્વીમાં મનુષ્ય સૌથી બુદ્ધિશાળી પ્રાણી ગણવામાં આવે છે.મનુષ્ય કેવુ વર્તન અને વ્યવહાર ક્યારે કરશે તેની ચોક્કસપણે આગાહી કરી શકાતી નથી. વ્યક્તિના વર્તનને મઉશ્વશ બે પરીબળ અસર કરે છે.મનુષ્યનું આંતરીક જગત અને બાહ્ય જગત.*

*આપણે જાણીએ છીએ કે આજનું બાળક એ આવતીકાલના તંદુરસ્ત સમાજનો પાયો છે. આપણે જ્યારે માનવ ઘડતર સંવેદનશીલ વ્યાવસાયમાં જોડાયા છીએ ત્યારે આપણે આ દિશામાં વિચારવું ઘણું જ અગત્યનું બની જાય છે. શિક્ષણકાર્ય એ બાળકોનો જ્ઞાનાત્મક, ભાવાત્મક, ક્રિયાત્મક અને સામાજિક વિકાસ કરવા માટેને પ્રવૃત્તિ છે. પરંતુ શિક્ષણકાર્યનું ભાવાત્મક પાસું અવગણવામાં આવ્યું છે. આ બાબતો વિશે ઘણા ઓછા સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે.*

*મનુષ્યના વિકાસમાં તેની બુદ્ધિ અને સંવેગો બહુ અગત્યનો ભાગ ભજવે છે. તે માટે મનુષ્યના જ્ઞાનાત્મક અને ભાવાત્મક પાસાઓનું સંતુલન ટકાવી રાખવુ ખૂબ જ જરૂરી છે. જો આપણે તેમ કરવામાં અસમર્થ રહીશું તો આપણે તેના ઘેરા પ્રત્યાઘાત સહન કરવા પડશે.ઉદાહરણ તરીકે સમાજમાં અવ્યવસ્થા, આતંકવાદ, યુદ્ધો વગેરે.*


ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)